ગાંધીનગર સમાચાર
તા. ૨-૨-૨૦૧૫, સોમવાર

તંત્રી સ્થાનેથી....

સ્વાઇન ફ્લૂના કાળીનાગને નાથવો જરૂરી

'સ્વાઇન ફ્લૂ' શબ્દ આપમા દેશ માટે થોડાં વર્ષો અગાઉ તદ્દન અજાણ્યો હતો. બહુ બહુ તો એના વિશે મેડિકલ ક્ષેત્રના ચુનંદા નિષ્ણાતોને થોડી જાણકારી હતી. યુરોપ-અમેરિકા જેવા માંસાહારી દેશોમાંથી આયાત થયેલી આ બીમારીએ હવે ગુજરાત જેવા મહદંશે શાકાહારી પ્રદેશમાં અડિંગો જમાવ્યો છે તે ખરે જ ઘણી ચિંતાજનક બાબત છે. થોડા વર્ષો પૂર્વે મહારાષ્ટ્ર અને ગુજરાતના સરહદી વિસ્તારોમાં આ બીમારીએ દેખા દેતાં એના રોગચાળાને વકરતો રોકવાના ઉપાય લેખે લાખોની સંખ્યામાં મરઘાં-બતકાંને જીવતાં જ કોથળાં ભરી ભરીને દફનાવી દેવાયેલાં, તે અરેરાટીભર્યું દૃશ્ય યાદ આવ્યા વિના રહેતું નથી. હવે એ પ્રકારના ઘાતકી ઉપાયો યોજવાનું કદાચ સરકારને પણ પરવડે કે કેમ એ પ્રશ્ન છે. તે વખતે પોલ્ટ્રી માલિકો એમનો 'માલ' ખલાસ થઇ જતાં ફૂટપાથ પર આવી ગયા હતા અને સરકારે વળતર લેખે એમને લાખો રૂપિયાની સહાય ચૂકવવી પડી હતી. સ્વાઇન ફ્લૂના છૂટાછવાયા કેસ છેલ્લાં વર્ષો દરમિયાન ગુજરાતમાં ઠેકઠેકાણે નોંધાયા રહ્યા છે. આ રોગચાળો 'એપિડેમિક' ની જેમ વકરી રહ્યો છે અને જામનગર કે સુરતથી લઇ અમદાવાદ અને ગાંધીનગર સુધીના પ્રદેશોમાં એના હુમલાથી માનવજીવન પર ભય તોળાઇ રહ્યો છે. રોજરોજ સ્વાઇન ફ્લૂના નવા કેસ નોંધાયા કરે છે અને મૃત્યુનો આંક વધતો જાય છે. સવિશેષ શહેરી વિસ્તારોને ભરડામાં લેનારા આ રોગને લીધે નોંધપાત્ર જાનહાનિ થવા પામી છે તથા તેનો આતંક ફેલાયો છે. આરોગ્ય વિભાગને સ્વાઇન ફ્લૂની દવા વેચવા માટે ખાનગી મેડિકલ સ્ટોરોને પણ મંજૂરી આપવી પડી છે. સુરતના રાંદેર વિસ્તારમાં આ દર્દ ભયજનક આંકડા વટાવી રહ્યું છે, તો વળી અમદાવાદમાં સ્વાઇનફ્લૂથી થયેલ મૃત્યુ આંક તેર પર પહોંચ્યો છે અને ૬૬ કેસ નોંધાયા છે. રોજેરોજ નવા કેસો નોંધાઇ રહ્યા હોઇ પ્રજામાં આ રોગની ભયાનકતાને કારણે ચિંતાનું મોજું ફેલાયું છે. આ રોગ ઇન્ફ્લુએન્ઝાની જ એક વેરાઇટી છે અને તે હવાથી ફેલાતો હોઇ એનાથી બચવું અઘરું છે. પ્રવાસ દરમિયાન અને ભીડભાડ વાળી જગ્યાઓમાં આ રોગથી રિબાતા દર્દીની છીંકમાં કે શ્વાસોચ્છ્વાસમાં એના જીવાણું ઓછી પ્રતિકાર શક્તિ ધરાવતા માણસોને, બાળકોને અને વૃદ્ધોને જલદી સકંજામાં લઇ લે છે. સરકારે નિદાન અને સારવાર માટેના સઘન પ્રયાસો ઉપરાંત ચેતવણી રૂપે આરોગ્ય શિક્ષણનું વિવિધ સ્તરે કામ ઉપાડ્યું હોવા છતાં રોગચાળો નિરંતર વધતો જાય છે, તે જ સું સૂચક નથી? હજુ કશુંક નક્કર કરવાજોગું નથી કરી શકાયું, તે હકીકતને નકારી શકાય તેમ નથી.

કેલોરેક્સ મ્યુઝિક ફીએસ્ટા : બોલિવુડ મ્યુઝિક મસ્તી અને ગુજરાતી ગીતોથી સભર મનોરંજક કાર્યક્રમ યોજાયો

કેલોરેક્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા તેની કેલોરેક્સ પબ્લિક સ્કૂલ માટે ભવ્ય મ્યુઝિક

ફીએસ્ટા-સીઝન-૨ નું ટાઉનહોલ, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બોલિવુડ મ્યુઝિક મસ્તી અને ગુજરાતી ગીતોથી સભર મનોરંજન કાર્યક્રમ 'બોલીવુડ ગીતોં કી ધમાલ, ગુજરાતી ગીતોની કમાલ' નામના કાર્યક્રમ રજુ કરાયા હતા. આ મ્યુઝિક કાર્નિવલે હાજર રહેલા વિદ્યાર્થીઓ, વાલીઓ, મહેમાનો અને વરિષ્ઠ મહાનુભાવોને ભરપૂર મનોરંજન પુરૂ પાડ્યું હતું.

શાળાના અભ્યાસક્રમની સાથે સાથે બાળકોને રમતગમત, ડાન્સ અને મ્યુઝિક દ્વારા સમગ્રલક્ષી શિક્ષણ આપવાનો કેલોરક્સ પબ્લિક સ્કૂલનો ઉદ્દેશ હોય છે તે માન્યતા આ કાર્યક્રમમાં પ્રતિબિંબિત થાય છે.

હિન્દી અને ગુજરાતી સંગીતની સુંદર જુગલબંધી સંજય ઓઝા અને પાર્થ ઓઝાની બેલડીએ રજુ કરી હતી. તેમણે 'તારી આંખનો અફીણી હો ફકીરા' અને 'ઝૂમ બરાબર ઝૂમ', 'તુમહી હો' જેવાં રોમાન્ટીક ગીતો સંગીતના લય સાથે રજૂ કરીને દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ સુમધુર ગીતોમાં પાયલ અશ્વીને સુંદર ગાયકી દ્વારા સહયોગ આપ્યો હતો. સંજય ઓઝાએ કિશોરકુમારનાં સદાબહાર ગીતો ગાયાં હતાં અને દર્શકોને વિતેલાં વર્ષોનાં યાદગાર ગીતોની મોજ કરાવી હતી. આરતી બોરીયાના સંચાલનથી કાર્યક્રમમાં સોનામાં સુગંધ ભળ્યા જેવુ વાતાવરણ ઉભુ થયું હતું.

આ સત્રમાં કેલોરેક્સ તેની ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનની અન્ય શાળા માટે સમાન પ્રકારના કાર્યક્રમની યોજના ધરાવે છે.

હરિની દૃષ્ટિ...

બાબાના પપ્પા બહુ દુરંદેશી હતા.. જે રીતે વાહનો વધતા જાય છે તે જોતા બાબાને હાડકાનાં સર્જનનું ભણાવવાની વ્યવસ્થા કરીને જ ગયા.. !!

ઈન્ડિયન કોસ્ટગાર્ડ દ્વારા ૩૮માં વાર્ષિકોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૧

ઈન્ડિયન કોસ્ટગાર્ડ દ્વારા ૩૮મા વાર્ષિકોત્સવની ઉજવણી આજરોજ તા. ૧લી ફેબ્રુઆરીના રોજ કરવામાં આવી હતી. ઉજવણી અંતર્ગત મુખ્ય કાર્યક્રમ ઉપરાંત જુદી જુદી શાળાઓમાં ચિત્ર સ્પર્ધાઓનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

ઈન્ડિયન કોસ્ટગાર્ડ દ્વારા દેશની દરિયાઈ સીમાનું રક્ષણ કરવામાં આવે છે. દુશ્મનોના વિવિધ આક્રમણો સહિતના પડકારો સામે સતત ઝઝુમતા રહેતા ભારતીય તટ રક્ષક દળે દરિયાઈ આફતો સમયે પણ ખુબ સરાહનીય ભૂમિકા ભજવી હતી. ૩૮મા વાર્ષિકોત્સવની ઉજવણી સંદર્ભે ઉત્તર-પશ્ચિમ મુખ્યમથક ગાંધીનગર ખાતે કોસ્ટગાર્ડ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત રક્તદાન શિબિર અને ચિત્રસ્પર્ધા યોજાઈ હતી. ચિત્ર સ્પર્ધામાં ૯ જેટલી શાળાઓના ૨૦૩ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોસ્ટગાર્ડ કમાન્ડર ઈન્સ્પેક્ટર જનરલ કે.એસ. શેરોન આ સ્પર્ધાના મુખય અતિથિપદે ઉપસ્થિત રહ્યા હતા અને વિજેતાઓને ઈનામો અર્પણ કર્યા હતા.

શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટયુટ દ્વારા 'ટેકદૃષ્ટિ-૨૦૧૫'નું આયોજન

ગાંધીનગર, તા.૧

શ્રી જયરામભઈ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એપ્લીકેશન્સ (એન.આઈ. સી.એમ.)નાં એમસીએ વિભાગ દ્વારા ગાંધીનગર ખાતે 'ટેકદૃષ્ટિ-૨૦૧૫'નું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૩૦-૩૧ જાન્યુ. ૨૦૧૫નાં રોજ યોજાયેલ 'ટેકદૃષ્ટિ-૨૦૧૫' અંતર્ગત દેશભરનાં કોમ્પ્યુટર સંબંધિત અભ્યાસક્રમનાં સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થીઓ માટે ટેકનિકલ તેમજ નોન ટેકનિકલ સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું. કાર્યક્રમનું ઉદઘાટન સંસ્થાનાં વડા મેનેજંગ ટ્રસ્ટી શ્રી જયપ્રકાશભાઈ પટેલ તેમજ મુખ્ય મહેમાન શ્રી કિરીટભાઈ પલસાણા (ડિરેકટર ઈન્ડિયા ઓપરેશન્સ કેપીટલ નોવસ, ગાંધીનગર)ની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. એસ.ઓ. જુનારે, ડાયરેકટર ટેકનીકલ કેમ્પસ, પ્રો. રેખા નાયર, ડીન-ફેકલ્ટી ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન્સ અને તમામ

એનસીએ, એમબીએ ફેકલ્ટી સભ્યો હાજર હતા. આ નેશનલ લેવલ મીટમાં લગભગ ૧૫ જેટલી અલગ અલગ કોલેજોમાંથી ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ કોમ્પ્યુટર પ્રોગ્રામીંગ, વેબ હન્ટિંગ, આઈ.ટી. કવીઝ, વન મિનિટ ટેલેન્ટ શો, ન્યુઝ પેપર ક્રિએટીવિટી અને લેન ગેમ સ્પર્ધાઓમાં ભાગ લઈને જ્ઞાન સાથે ગમ્મતનો અનુભવ કર્યો હતો. સ્પર્ધાના અંતે ઈનામ વિતરણ કાર્ય શ્રી નીતિન રજવાડી, એ.જી.એમ., બેંક ઓફ બરોડા અમદાવાદ અને શ્રી ગોવિંદ ચૌહાણ, સંયુકત મેનેજર, બેંક ઓફ બરોડા-ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરના ડૉ. ભાસ્કર પુંજાણીને એપીએસઆઈ એવૉર્ડ

ગાંધીનગર, તા.૧

અમદાવાદ ખાતે યોજાયેલ એકેડેમી ઓફ પ્લાન્ટ સાયન્સીસ ઈન્ડિયા (APSI)ના ૨૪માં રાષ્ટ્રીય

અધિવેશનમાં તલોદ સાયન્સ કોલેજના વનસ્પતિ શાસ્ત્ર વિભાગના વડા ડૉ. ભાસ્કર પુંજાણીએ 'લોક વનસ્પતિ વિજ્ઞાન અને વનસ્પતિ વૈવિધ્ય ક્ષેત્રે' એમણે આપેલા પ્રદાન સંશોધનો અને મેળવેલી વિશિષ્ઠ સિદ્ધિઓ બદલ એ.પી.એસ.આઈ. સિલ્વર જ્યુબીલી એવૉર્ડથી સન્માનિત કરાયા છે.

ડૉ. પુંજાણીએ લોક વનસ્પતિ શાસ્ત્રનાં કરેલ સંશોધન કાર્ય ઉપરાંત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રકાશનોમાં અને સેમિનારોમાં અત્યાર સુધીમાં પચાસથી વધુ શોધનિબંધો રજૂ કર્યા છે. ડૉ. પુંજાણી ઘણી વૈજ્ઞાનિક સંસ્થાઓમાં સભ્ય હોવા ઉપરાંત વિવિધ સંશોધન પ્રોજેક્ટ્સમાં એમની સેવાઓને ધ્યાને લઈ રાષ્ટ્રીય કક્ષાના સંગઠન એ.પી.એસ.આઈ. દ્વારા આ એવૉર્ડ આપવામાં આવેલ ચે જે ગુજરાત રાજ્ય અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી માટે ગૌરવની વાત છે.

ડૉ. ભાસ્કર પુંજાણી ગાંધીનગરના અગ્રણી સક્રિય નાગરિક છે. ઉપરાંત જુનિયર ચેમ્બર, લાયન્સ ક્લબ જેવી સામાજિક સંસ્થાઓ સાથે સક્રિય સંકળાયેલા છે. તેમના માર્ગદર્શન હેઠળ ગાંધીનગરના અનેક વિદ્યાર્થીઓએ પોતાની કારકીર્દિનું ઘડતર કર્યું છે.

ભારત સેવાશ્રમ સંઘની સ્થાપના શતાબ્દી વર્ષની ઉજવણી

ગાંધીનગર, તા.૧

ભારત સેવાશ્રમ સંઘ, અમદાવાદના અધ્યક્ષ સ્વામી આત્મભોલાનંદજીએ જણાવ્યું છે કે, વર્ષ ૧૯૧૬ની માઘી પૂર્ણિમાના પુણ્ય દિવસે 'ભારત સેવાશ્રમ સંઘ' સેવા સંસ્થાનાં જનકલ્યાણક સ્થાપક પ્રાણપુરુષ સ્વામીજી બુધવાર તા. ૨૯ જાન્યુઆરી ૧૯૮૬ના માઘી પૂર્ણિમાના દિવસે ફરીદપુર જિલ્લો (હાલ બાંગ્લાદેશ) બાજીતપુર ગામમાં જન્મ્યા હતા અને આ વર્ષ 'ભારત સેવાશ્રમ સંઘ' સંસ્થા દ્વારા પોતાની સ્થાપનાને શતાબ્દી વર્ષ તરીકે ઉજવી રહ્યું છે. તેમના પિતાનું નામ વિષ્ણુચરણ, માતા શારદાદેવી, બુધવારે જન્મ હોઈ સ્વામીજીનું શૈશવનું નામ 'બુધાઈ' હતું. કિશોર અવસ્થાથી જ સાધુ નામે જાણીતા થયા. બાજીતપુરમાં ત્યારે પુલનું 'સાધુનો પુલ' નામકરણ કરવામાં આવ્યો હતો. બાલ્યકાળથી જ સ્વામીજી અલગ સ્વભાવના હતા. છાત્રાવસ્થાથી જ તેઓ યોગાચારી રહ્યા અને સ્મશાનમાં યોગ સાધનામાં

રાતો વિતાવતા હતા પરંતુ તેમની સાધના કેવળ વ્યકિતગત મુકિતની ખોજ ન હતી. પરંતુ લોકોના વિપદા-આપદામાં તેઓ સદા સેવા કરવા હાજર રહેતા હતા. તેઓ યુવાનોને બ્રહ્મચર્ય તેમજ દેશવાસીઓની સેવા કરવા પ્રેરિત કરતા હતા. તેઓ એક આચરણ સિદ્ધ આચાર્ય હતા. તેમના ઉપદેશાવલીનું સંકલન શ્રી પ્રણવાનંદ ઉપદેશ નામના ગ્રંથમાં પ્રકાશિત થયા હતા તેમનું આચરણ જ ઉપદેશના રૂપમાં લોકો સામે રાખતા હતા.

સ્વામીજીના તપસ્વી શરીર પર પૂર્ણ ભગવતી શકિતનો આવિર્ભાવ થયો. સમાધિભંગ પછી તેમના શ્રી કંઠથી ઘોષણા થઈ, આ યુગ મહાજાગરણનો મહામિલનનો મહાસમન્વયનો તથા મહામુકિત યુગ છે. ૧૯૨૪માં પ્રયાગના અર્ધકુંભમેળામાં સ્વામી ગોવિંદાનન્દગિરિ પાસેથી સન્યાસ ગ્રહણ કરીને 'સ્વામી પ્રણવાનંદ' નામથી ઓળખાતા અને ત્યારથી શરૂ થયો આ લોક મંગળનો મહાયજ્ઞ. 'ભારત સેવાશ્રમ સંઘ' અને સ્વામીજી તેના 'સંઘ નેતા' હતા. સંઘના મુળ ઉદ્દેશય ધર્મ તથા આધ્યાત્મિકતાના આધાર ઉપર વ્યકિત, સમાજ તથા રાષ્ટ્રને લાવવો અને આ ઉદ્દેશ્યથી ધર્મ પ્રચાર, તીર્થ સંસ્કાર, જનસેવા તથા સમાજને સંગઠિત કરવા ઈત્યાદિ વિવિધ કાર્યક્રમ ચાલુ કરવામાં આવ્યા. સ્વામી પ્રણવાનંદજી દ્વારા પ્રતિષ્ઠિત કરવામાં આવેલા 'ભારત સેવાશ્રમ સંઘ' ને અતિ અલ્પ સમયમાં પ્રભુત લોકપ્રિયતા મળી. સ્વામીજી 'બહુજન હિતાય, બહુજન સુખાય' માં માનતા હતા. સન ૧૯૪૧ના ૮મી જાન્યુઆરી, બુધવારના રોજ સ્વામીજી કલકત્તામાં મહાપરિનિર્વાણ પામ્યા, પરંતુ શિવાવતાર યુગપુરુષ સ્વામી પ્રણવાનંદજી મહારાજના આશીર્વાદ સ્વરૂપ વિશ્વ વિખ્યાત મહાન ધર્મ સંઘ 'ભારત સેવાશ્રમ સંઘ'ની બહુમુખી સેવાઓ વિશે, રૂપથી ગામો અને પછાત વર્ગોમાં વિસ્તરી રહી છે. આ શતાબ્દિ વર્ષ નિમિત્તે દેશ વિદેશ ભરમાં જયાં સંસ્થાની શાખાઓ છે ત્યાં અનેક વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ધ્વારકેશ રેસીડન્સી સોસાયટીમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧

તાજેતરમાં ૬૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણી ગાંધીનગરના ક-રોડ પરની ધ્વારકેશ સોસાયટીએ અનોખી રીતે કરી હતી. વહેલી સવારે પ્રભાત ફેરી કરી સોસાયટીના રહેવાસીઓએ વંદેમાતરમ, શહીદોના જયજયકાર તથા ધુન-ભજનથી વાતાવરણને દેશ પ્રેમના રંગે રંગી દીધુ હતુ. ત્યારબાદ ધ્વજવંદન, શપથ, ઉપરાંત આખા વર્ષ દરમ્યાન આંતકવાદો સામેની લડાઈમાં દેશ માટે શહીદ થનાર શહીદોની યાદીમાં તથા પાકિસ્તાનમાં પેશાવર ખાતે આંતકીઓએ ઘાતકી રીતે ચીમળી નાંખેલા કુમળા ફૂલ જેવા ૧૨૦ બાળકોને શ્રદ્ધાંજલિ આપવા બે મિનિટ મૌન પાળ્યું હતું. ૬૬માં પ્રજાસત્તાક દિનનની ઉજવણી વિશેષ રીતે કરા ૬૬ જેટલા ભાઈ-બહેનોએ કંઠસ્થ કરેલ પવિત્ર રાષ્ટ્રગાન વંદેમાતરમનું સામુહિક ગાન કર્યુ હતું. સોસાયટીના મોટી સંખ્યામાં ભાઈ-બહેનો-બાળકોએ પાણી બચાવોના નારા સાથે દેશભક્તિના સૂત્રોચ્ચાર કરી આજુબાજુના વિસ્તારમાં અત્યંત શિસ્તબદ્ધ રીતે રેલી કાઢી હતી. અંતમાં દેશભક્તિના ગીત પર બાળકોનો ભાતિગળ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આવનારી પેઢી પર સમાજ જીવનના ઉચ્ચ મુલ્યોની છાપ પડે તે માટે શહીદો, વૈજ્ઞાનિકો, સંતો, કવિઓ, લેખકોનું પોસ્ટરોનું એક સુંદર પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

વિદેશી ભારતીયના લગ્ન રજીસ્ટ્રેશન સંદર્ભે માહિતી

મહિલા સમાજ અને કાયદા

- ડૉ. ભાવના કે. જોશીપુરા

ગત્ અંકોમાં વિદેશી ભારતીય લગ્ન સંદર્ભે આપણે વિગતવાર કાયદાકીય ચર્ચા કરી. અનેક વાલીઓ કે જેઓ અમદાવાદ રહે છે પરંતુ ગાધીનગર કામ સબબ આવે છે તેઓએ 'ગાંધીનગર સમાચાર' વાંચીને અમોને ફોનથી, ઈમેઈલથી તેમજ રૂબરૂ અનેક કેસો સંદર્ભે માર્ગદર્શન મેળવવા સંપર્ક કરેલ છે. કાયદાકીય જાગૃતી એ સામાજીક જાગૃતિનો એક ભાગ છે તેવું આજસુધી અનેક મીટીંગો, સેમીનારો, તેમજ આ વિષય સંદર્ભની કાર્યશાળાઓમાં કહેવાનું થાય છે - પ્રવચન આપવાનું થાય છે પરંતુ સાચા અર્થમાં સામાજીક સંવેદનાની અનુભુતી થઈ. ખેર પરદેશમાં રહેતી દિકરીએ પણ ફોનથી સંપર્ક કર્યો અને વિતક કથા રજૂ કરી જે જોઈએ તો,

સરલા યુ. કે. માં લેસ્ટર મુકામે રહે છે લગ્નને દસ વર્ષ થઈ ગયા છે. લગ્ન જીવનને કારણે એક દિકરો અને એક દિકરી સંતાનમાં છે. દસ વર્ષના લગ્ન જીવન બાદ પતિને કોઈપણ કારણસર સરલા ગમતી નથી. પતિ આખો દિવસ ઘર બહાર રહે છે. સંતાનો ઉપર પણ બરોબર ધ્યાન દેતો નથી. સરલાના જીવનમાં રોજબરોજ નવી સમસ્યાઓનો ઉમેરો થતો જાય છે. હાલમાં સરલા લેસ્ટર રહે છે પરંતુ એનો પતિ ઘણાંબધા દિવસથી ઘરે આવેલ નથી. પતિનો કોઈ સંદેશો પણ નથી. સરલા ખૂબ મૂંઝાઈ ગઈ છે. સરલાના સાસુ-સસરા આ બાબતે કોઈપણ પ્રકારનો પ્રશ્ન સંદર્ભે ઉકેલ લાવવા માટે મદદરૂપ થતાં નથી. સરલાને એના માતાપિતા પાસે ભારત આવવું હોય તો પણ ભારત આવીને શું કરે એવી મનમાં સમસ્યા છે.

સરલા નાનુ મોટું કામ કરે છે અને આમ પણ પરદેશમાં લગભગ સ્ત્રીઓ કામ કરતી હોય છે. સરલાની આવક તેની અને તેના બાળકો માટેના ભરણપોષણ માટે પુરતી નથી. સરલા એમ વિચાર કરે છે કે પોતે ઘર છોડીને નીકળી જાય તો પણ સમસ્યાનો ઉકેલ આવવાનો નથી. સરલાને માર્ગદર્શન આપવામાં આવ્યું કે યુ. કે. માં સ્વૈચ્છીક સંસ્થાઓ કે જેઓ કાયદાકીય મદદ માટે પણ કાર્યરત છે તેઓનો સંપર્ક કરવો જોઈએ. વિશેષમાં સરલા જો પોતાના નજીકની પોલીસનો સંર્પક કરે તો પણ સરલાને રક્ષણ મળી શકે છે.

આપણાં દેશમાં ૨૦૦૫ માં સ્ત્રીઓને ઘરગથ્થું હિંસા સામે રક્ષણનો કાયદો અસ્તીત્વમાં આવ્યો છે આ કાયદા અંતર્ગત શેલ્ટરની જોગવાઈનો ઉલ્લેખ છે. ખાસ કરીને ચાલતા કામે કોઈપણ સ્ત્રી અને બાળક આર્થિક વિટંબળાને કારણે હેરાન ન થાય તે હેતુ વચગાળાની કાયદાકીય રાહતો માટેની જોગવાઈ પણ આ કાયદા અંતર્ગત કરવામાં આવેલી છે. આપણે અગાઉ આ સંદર્ભમાં સેવા પુરી પાડનારાઓ સંદર્ભે (સર્વીસ પૂોવાઈડર) અંગે ચર્ચા વિગતવાર કરી છે. યુ.એસ.એ. અને યુ.કે. માં આ પ્રકારની કાયદાકીય જોગવાઈઓ ઘણાં સમય પહેલાં અસ્તિત્વમાં આવેલ છે. આપણે અગાઉની કોલમમાં યુ.કે.માં કામ કરતી સ્વૈચ્છીક સંસ્થાઓની યાદી વિગતવાર જણાવેલી છે. વિશેષમાં જે તે દેશની ભારતીય એમ્બેસીનો પણ સંપર્ક કરી શકાય તેમ છે અને મદદ મેળવી શકાય તેમ છે.

કેટલીક વ્યકિતઓએ વિશેષ લગ્ન અધિનિયમ અંગે તેમજ વિદેશી ભારતીયના લગ્ન રજીસ્ટ્રેશન સંદર્ભે માહિતી માંગી છે તે વિશે જોઈએ તો,

લગ્નની નોંધણી કરાવવા માટે નિશ્ચિત કાર્યપધ્ધતિ પ્રયોજીત કરવામાં આવી છે અને તેના માટે નિશ્ચિત સ્વરૂપનું આવેદનપત્ર (ફોર્મ-એ) માં અરજી કરવાની હોય છે. સ્વાભાવિક અરજીમાં લગ્ન કરનાર બંને વ્યકિતઓ અને / અથવા તેમના વાલીઓએ સહિ કરવાની હોય છે. લગ્નની નોંધણી કરાવવાના સમયે પતિ-પત્નીએ રજીસ્ટ્રાર સમક્ષ ઉપસ્થિત રહેવું અનિવાર્ય છે. આ ઉપરાંત લગ્ન કરનાર પતિ-પત્નીએ લગ્નની નોંધણી કરાવવા માટે સક્ષમ કાર્યક્ષેત્ર અને ક્ષેત્રાધીકાર (જયુરીશ્ડીકશન)ધરાવતા રજીસ્ટ્રાર પાસે જ જવું જરૂરી છે અને તે માટેની પૂર્વ શરત એ છે કે લગ્નની તારીખના ઓછામાં ઓછા છ મહિનાના પહેલાના સમયથી ઉકત ક્ષેત્રાધિકારમાં રહેતાં હોય.

પતિ-પત્નીએ લગ્નની નોંધણી કરાવતી વખતે પોતાની ઉંમરનો પુરાવો અને થયેલા લગ્નની તસ્વીર જોડવાની સાથે લગ્ન કરનાર પતિ-પત્ની અને તેમના વાલીએ લગ્નની નોંધણી કરનાર રજીસ્ટ્રાર સમક્ષ જાતે હાજર રહેવું પડે છે, સાધારણ રીતે લગ્નની વિધિ થયાની તારીખથી એક મહિનાની અંદર આવી નોંધણી કરાવવી જરૂરી છે. આ તકે એ બાબત વિશેષ ઉલ્લેખનીય રહેશે કે અરજી કરવામાં થયેલો વિલંબ એટલે કે એક માસ કરતા વધુનો સમયગાળો હોય અને પાંચ વર્ષની અંદર લગ્નની વિધિ થઈ હોય તો સબરજીસ્ટ્રારને આવા પ્રકારનો વિલંબ માફ કરવા અર્થેનો અધિકાર પણ છે. અત્રે એ પણ ઉલ્લેનીય છે કે આવો વિલંબ પાંચ વર્ષ કરતા વધારે હોય તો રજીસ્ટ્રાર જ આવો વિલંબ માફ કરી શકે છે.

લગ્ન વિષયક બાબતોના સેમીનાર કે વકતવ્યોમાં ઘણીવાર એવો સવાલ આવે છે કે વિશેષ લગ્ન અધિનિયમ ૧૯૫૪ માં લગ્ન સંદર્ભની બાબત કયા પ્રકારે વિશેષ રીતે પ્રયોજીત કરવામાં આવી છે. વિશેષ લગ્ન અધિનિયમન ૧૯૫૪માં લગ્નની વિધિ અને લગ્ન સંબંધી યોગ્ય ક્ષેત્રાધીકાર ધરાવતા અધિકારી દ્વારા લગ્નની નોંધણી કરવાની જોગવાઈ કરવામાં આવી છે, ભાવી પતિ-પત્નીએ લગ્ન સંબંધી અધિકારીને લગ્ન અંગેની પૂર્વ નોટિસ આપવી પડે છે અને આવી નોટિસની તારીખના ઓછામાં ઓછાં પાછલા ૩૦ દિવસથી ક્ષેત્રાધિકાર ધરાવતા લગ્ન સંબંધી અધિકારીના ક્ષેત્રાધિકારમાં વસવાટ કરવો જરૂરી છે. લગ્ન અંગેની પૂર્વ નોટિસ જે તે ક્ષેત્રાધિકાર વાળી લગ્ન અધિકારીની કચેરીમાં સ્પષ્ટ રીતે લોકોની નજર પડે તેવી રીતે લગાવવી અનિવાર્ય છે. આવી નોટિસ પ્રકાશિત થયાના એક મહિનાની અંદર કોઈ વાંધ પ્રાપ્ત ન થાય કે કોઈ પણ પ્રકારે વાંધા અરજી ન મળે તો એક મહિનાની સમાપ્તિ બાદ લગ્ન થઈ શકે છે, અલબત લગ્ન અધિકારીને કોઈપણ પ્રકારનો વાંધો પ્રાપ્ત થાય તો લગ્ન અધિકારીએ હકિકતલક્ષી બાબતોની તપાસ કરી અને લગ્ન કરવા અર્થેની મંજૂરી આપવી કે ન આપવી તે અંગે નિર્ણય કરવો પડે છે અને લગ્નની વિધિ થયા બાદ લગ્નની નોંધણી કરવામાં આવે છે, જો લગ્નની ઉજવણી થઈ હોય તો એવા લગ્નની નોંધણી પણ ૩૦ દિવસની જાહેર નોટિસ આપ્યા બાદ કરી શકાય છે.

લગ્ન સંદર્ભની વિશેષ કાયદાકીય માહિતીઓ સાથે મળીએ આવતે અંકે...